# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૪૬ તા.૧૯.03.૨૦૨૨

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૪/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી નરેન્દ્ર ચત્રભુજ હાથી ગામ – પોરબંદર

સબડીવીઝન: કિર્તિ મંદિર,પોરબંદર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર

તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ઉપરોક્ત દર્શાવેલ સરનામા પર અમારૂ રહેણાંક મકાન ધરાવીએ છીએ. જે વિસ્તાર પી.જી.વી.સી.એલ. કિર્તીમંદિર સબ-ડિવીઝન તળેનો છે જેમાં અમો ગ્રાહક નં. ૩૫૧૦૮/૦૧૮૩૫/૫ થી ઈલે.કનેક્શન ધરાવીએ છીએ. જેનું માહે.ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ નું બિલ અમોને તા30/૯/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ. જે અસામાન્ય રીતે વધારે હોય અમોને

માન્ય ન હોય આપના સ્તરેથી ઘટિત ચકાસણી કરી આપવામાં આવેલ બિલ રદ્દ કરી હકીકતે વપરાયેલ ઈલે.પાવરનું બિલ આપવા વિનંતી છે. વધુમાં જણાવવાનું કે ઉપરોક્ત આપવામાં આવેલું બિલ રૂ.૩૧૯૯૭-૪૧ નું આપવામાં આવેલ જે તમારા રેગ્યુલર બિલ કરતાં અસામાન્ય રીતે વધારે છે અમારૂ સામાન્ય બિલ રૂ.૨૦૦૦/- થી રૂ.૩૦૦૦/- સુધી આવે છે જેના પાછલા ૮ (આઠ) માસના બિલની કોપી સામેલ છે આમ અસામાન્ય રીતે બિલ વધારે આવતાં નાયબ ઈજનેરશ્રીને જાણ કરતાં તેઓએ તા.૭-૧૦-૨૦૨૧ ના રોજ અમારૂ મિટર બદલાવી નવું મિટર ઇન્સ્ટોલ કરી આપેલ અને જુનું મિટર લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી આપેલ આપ નાયબ ઈજનેરશ્રી દ્વારા લેવામાં આવેલ ત્વરીત એકશન માટે અમો બોર્ડના આભારી છીએ. તા.૧૪-૧૦-૨૦૨૧ ના રોજ મિટર ચકાસણી માટે પોરબંદર પી.જી.વી.સી.એલ. બની શહેર વિભાગીય કચેરી સ્થિત લેબોરેટરીમાં આવવા અમોને જણાવેલ અમે ત્યાં ગયેલ ચકાસણી દરમ્યાન મીટરનું એમ.આર.આઈ. ટેસ્ટ કરવામાં આવેલ જેમાં છેલ્લા બાર માસના માસિક વપરાશ થયેલ યુનિટના ડેટા અમોને બતાવવામાં આવેલ જે મુજબ અમુક માસમાં એવરેજ વપરાશ પ્રતિદિન૨-૩-૪-૫ યુનિટ દર્શાવેલ છે જ્યારે એપ્રિલ-૨૦૨૧ માં પ્રતિ દિન ૧૫,૭૭૪ મે-૨૦૨૧ માં પ્રતિદિન ૧૮,૧૬૧ જૂન-૨૦૨૧ ૩૬,૮૦૬ જુલાઈ-૨૦૨૧ નું પ્રતિ દિન ૩૧.૯૦૦ ઓગસ્ટ-૨૦૨૧ નું પ્રતિ દિન ૧૮.૧૬૧ સપ્ટેમ્બર-૨૦૨૧ નું ૨૭.૧૭૯ પ્રતિદિન યુનિટનો વપરાશ બતાવેલ છે જે અમારા સરેરાશ વપરાશ કરતાં ખૂબ જ વધારે છે જે અમોને માન્ય નથી. અમારા ઘરમાં ફક્ત બે જ વ્યક્તિઓ રહીએ છીએ વળી ઉપરોક્ત સમયગાળા દરમ્યાન અમારી તબીયત અમો અમદાવાદ મુકામે એન્જીયોગ્રાફી તેમજ બાદમાં બાયપાસ સર્જરી માટે ગયેલ અને અમારૂ મકાન બંધ જ હતું.વળી આ મિટરમાં ફક્ત બે એ.સી.,ફ્રીઝ તથા પાણીની ૦.૫ એચ.પી. મોટર તેમજ લોડ લગાડેલ છે અન્ય લાઇટ તથા ફેન વગેરેનો લોડ માટે અમે અન્ય મિટર ધરાવીએ છીએ તેમાં લગાડેલ છે જે મિટરનું બિલ પણ અમો નિયમીત ભરીએ છીએ જેના આઠ માસના બિલની નકલ પણ આ સાથે સામેલ છે આમ મિટરમાં લગાડેલ પૂર્ણ લોડનો પણ ઉપયોગ કરવામાં આવે તો પણ એવરેજ ૩૬.૦૦ યુનિટ પ્રતિદિન વપરાશ શક્ય નથી. વધુમાં જણાવવાનું કે અમોને આ બાબતે જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી આપવામાં આવેલ બિલની રકમ પર વિલંબીત ચુકવણી ચાર્જીસ ન લગાડવા વિનંતી છે. તો આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે આપ આપના સ્તરેથી યોગ્ય રીતે ચકાસણી કરી/કરાવી આપવામાં આવી આ બિલ રદ્દ કરી હકીકતે થયેલ વપરાશનું નવું બિલ આપવા વિનંતી છે. નવું મિટર લગાવ્યા બાદ આજદિન સુધીનો વપરાશ એવરેજ પ્રતિદિન ૪.૦ યુનિટનો આવે છે યો યોગ્ય ન્યાય આપવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કિર્તીમંદિર પેટાવિભાગીય કચેરીમાં નરેન્દ્ર ચત્રભુજ હાથીના નામનું ગ્રા.નં૩૫૧૦૮/૦૧૮૩૫/૫ થી ઘર વપરાશ હેતુનું 3.0 KW લોડ ધરાવતુ વીજ કનેક્શન આવેલ છે. સદર વીજ કનેક્શનમાં ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૧ નું વીજ બીલ તા:- 30-0૯-૨૧ ના રોજ ૪૦૦૮ યુનિટનું બનેલ છે. આથી ગ્રાહકની રજૂઆતના આધારે કિર્તીમંદિર પેટાવિભાગીય કચેરી દ્વારા તા:- ૦૮-૧૦-૨૧ ના રોજ મીટર

રીપ્લેસમેન્ટ રોજકામ નં. ૪૧૪૪ થી વીજ મીટર બદલી આપેલ છે. જે આ સાથે પત્રક – A થી સામેલ છે. બદલાવેલ જુના મીટરનું લેબ પરીક્ષણ તા:- ૧૪-૧૦-૨૧ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવેલ છે. લેબ રીપોર્ટ મુજબ મીટરના એક્યુરશી ટેસ્ટ બરાબર છે અને મીટરની MRI લીધેલ છે. આમ, લેબ ચકાસણી રીપોર્ટ ઉપર જણાવેલ પત્રક – A માં સામેલ છે. અને MRI રીપોર્ટ આ સાથે જોડેલ પત્રક – B–1 અને B–2 મુજબ જોડેલ છે.

3.૧ પત્રક - B-1 અને B-2 ના MRI ડેટા મુજબ મંથલી વપરાશ સાથે ગ્રાહક દ્વારા અસંતોષ ઉભો થતા અત્રેની કચેરી દ્વારા બદલાવેલ જુના મીટરનો ડેઈલી એનર્જી કન્ઝપસન ડેટા લેવામાં આવેલ જે આ સાથે પત્રક નં. C-1 થી C-11 મુજબ સામેલ છે.સાથે સાથ ગ્રાહકની રજૂઆતનાં આધારે સ્થળ પરના લોડનું ફરી વેરીફીકેશન કરતા સ્થળ ઉપર સદર વીજ મીટરમાં નીચે મુજબનો લોડ જોડાયેલ માલુમ પડેલ છે.

એસી - 1800 * 2 = 3600 વોટ,

ફ્રીઝ – 220 * 1 = 220 વોટ,

પાણીની મોટર – 375 * 1 = 375 વોટ

ઓવન – 2000 * 1 = 2000 વોટ ( અનકનેકટેડ જોવા મળેલ છે.)

કુલ લોડ – 6195 વોટ.

3.૨ તેમજ આ સાથે જોડેલ પત્રક – D માં વિશેષ સમજણ માટે ૨૦૨૦, ૨૦૨૧, અને MRI ડેટાના વપરાશની માહિતી સરખાવેલ છે. જે મુજબ વર્ષ ૨૦૨૦ માં પણ તા:- ૦૬-૦૬-૨૦૨૦ ના રોજ બનેલ બીલમાં વપરાશ ૨૦૨૧ ના બીલની નજીક આવેલ છે. આમ ઉપરોક્ત તમામ હકીકતોને ધ્યાને રાખી જોતા વીજ મીટર બરાબર છે. અને ગ્રાહક દ્વારા વપરાશ કરવામાં આવેલ છે.

3.3 સવિશેષ જણાવવાનું કે, MRI રીપોર્ટના અભ્યાસ પરથી જાણવા મળેલ કે મીટર રીડીંગ એજન્સી દ્વારા બીલ બનાવતી વખતે લેવામાં આવેલ રીડિંગમાં ક્ષતિ જણાતા અત્રેની કચેરી દ્વારા પત્રક – E થી એજન્સીને નોટિસ આપેલ છે અને MRI મુજબના રીડીંગના આધારે ગ્રાહકના બનવા પામેલ બીલમાં નીચે મુજબનોસુધારોકરવામાં આવેલ છે.

| ક્રમ નં | બીલ માસ | ખરેખર આપવામાં આવેલ બીલ | | ખરેખર વપરાશ થયેલ બીલની વિગત | | તફાવત | |
|---|---|---|---|---|---|---|---|
| | | યુનિટ | રકમ | યુનિટ | રકમ | યુનિટ | રકમ |
| ૧. | એપ્રિલ-મે-૨૧ | ૩૫૫ | ૨૨૫૩.૯૫ | ૧૯૨૬ | ૧૪૭૫૬.૮૦ | ૧૫૭૧ | ૧૨૫૦૨.૮૫ |
| ૨. | જુન-જુલાઈ-૨૧ | ૩૫૬ | ૨૩૧૧.૨૦ | ૧૫૦૪ | ૧૧૪૪૬.૧૮ | ૧૧૪૮ | ૯૧૩૪.૯૮ |
| 3. | ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૧ | ૪૦૦૮ | ૩૧૯૭૭.૮૨ | ૧૨૮૯ | ૯૭૭૭.૧૮ | -૨૭૧૯ | -૨૨૨૦૦.૬૪ |
| | ટોટલ:- | ૪૭૧૯ | ૩૬૫૪૨.૯૭ | ૪૭૧૯ | ૩૫૯૮૦.૧૬ | ૦ | -૫૬૨.૮૧ |

આમ આ સાથે જોડેલ પત્રક નં. F થી પત્રક નં. H મુજબ રીવાઈઝ ત્રણેય બીલની રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવાપાત્ર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે મુદ્દા નં.૩.૧ અને ૩.૨ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર શ્રી ને જે વીજ બિલ આપવામાં આવેલ છે તે એમ આર આઈ રીપોર્ટ ના આધારે સરેરાશ મુજબ બિલ રીવાઈઝ કરી આપવું.

૪.૨ અરજદાર શ્રી ને આપવામાં આવેલ રીવાઈઝ બિલ ભરપાઈ કરવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩0 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯